Australian Government
Department of Home Affairs

# પ્રોટેક્શન વિઝા આશ્રય શોધનારાઓ માટે છે

ઘણાં દેશોની જેમ જ આશ્રય ઇચ્છુકો માટે ઓસ્ટ્રેલિયા પાસે રક્ષણ આપવા માટેના વિઝાની વ્યવસ્થા છે.

પ્રોટેક્શન વિઝા (પેટાવર્ગ ૮૬૬) એવી વ્યક્તિને કાયમી ધોરણે ઓસ્ટ્રેલિયામાં રહેવાની પરવાનગી આપે છે જેને તેના દેશમાં નોંધપાત્ર નુકસાન અથવા સતામણીનું વાસ્તવિક જોખમ હોય. પ્રોટેક્શન વિઝા એવા લોકો માટે નથી જે ફક્ત ઓસ્ટ્રેલિયામાં કામ કરવા માટે લાંબા સમય માટે રહેવા માંગે છે.

જો તમે ઓસ્ટ્રેલિયાની બહાર હોવ તો તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરી શકો નહીં. તમે માન્ય વિઝા પર ઓસ્ટ્રેલિયા આવ્યા હોવા જોઇએ અને આગમન બાદ ઇમિગ્રેશન પૂર્ણ કર્યું હોવું જોઇએ.

પ્રક્રિયાના સમયને ઝડપી બનાવવા માટે પ્રોટેક્શન વિઝા અરજી પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. હવે મોટાભાગની નવી અરજીઓ પર તાજેતરના વર્ષોની તુલનામાં લગભગ ૮ ગણી ઝડપે નિર્ણય લેવામાં આવી રહ્યો છે. આનો અર્થ કે જે લોકોને જરૂર છે તેમને પ્રોટેક્શન વિઝાની ઝડપી મંજૂરી અને જે લોકો ફક્ત કામ કરવા માટે અથવા ઓસ્ટ્રેલિયામાં તેમનું રોકાણ લંબાવવા માટે પ્રોટેક્શન વિઝાની અરજી કરે છે તેમને ઝડપી ઇનકાર.

જો તમને ઓસ્ટ્રેલિયામાં આશ્રયની જરૂર ના હોય તો, પ્રોટેક્શન વિઝા માટે અરજી કરશો નહિ. પ્રોટેક્શન વિઝા માપદંડોને પૂર્ણ કરતા ન હોય તેવા અરજદારોને અમે ઝડપથી ના પાડી દઈએ છીએ.

જો તમે પ્રોટેક્શન વિઝા (પેટાવર્ગ ૮૬૬)ની અરજી કરવાનું વિચારી રહ્યા હોવ તો અમે, નિષ્ણાત રેફ્યુજી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતાની **નિઃશુલ્ક કાનૂની** મદદ મેળવવા માટે તમને ભારપૂર્વક પ્રોત્સાહિત કરીએ છીએ.


- વધુ ઝડપી વિઝા પ્રક્રિયા
- સંરક્ષણ શરણાર્થીઓ માટે છે
- નિઃશુલ્ક કાનૂની મદદ
- તમારી ફરજો
- મુસાફરી પર નિયંત્રણો
- સાચી સલાહ મેળવો
- ગેરકાનૂની ઓપરેટરોથી સાવધાન રહો
- જો તમને પ્રોટેક્શન વિઝા આપવાની મનાઇ કરવામાં આવે
- જો તમે યોગ્ય વિઝા વગર ઓસ્ટ્રેલિયામાં રહેશો તો
- અન્ય વિઝા વિકલ્પો
- પૂરાં થવા આવેલ વિઝામાં મદદ
- તમારી વિઝા અરજીમાં મદદ

# વધુ ઝડપી વિઝા પ્રક્રિયા

સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા ફેરફારો અંતર્ગત, પ્રોટેક્શન વિઝા (પેટાવર્ગ ૮૬૬)ની મોટાભાગની નવી અરજીઓ પર, તાજેતરના વર્ષોની સરખામણીમાં, હવે લગભગ ૮ ગણી ઝડપથી નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

જો તમને ઑસ્ટ્રેલિયામાં રક્ષણની જરૂર ન હોય, અથવા પ્રોટેક્શન વિઝા માપદંડોને પૂર્ણ કરતા ન હોય, તો તમારી અરજી ઝડપથી નકારવામાં આવશે.

તમારા સંજોગોને વધુ અનુકૂળ આવતાં અન્ય વિઝા હોય શકે છે. તમારા માટે યોગ્ય વિઝા શોધવા, તમારા વિકલ્પો જાણો.

# સંરક્ષણ શરણાર્થીઓ માટે છે

પ્રોટેક્શન વિઝા એવા લોકો (અથવા તેમના પરિવારના સભ્યો) માટે છે કે જેઓ ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુકસાનના વાસ્તવિક જોખમનો સામનો કરે છે અથવા જેઓ આ કારણોસર ખરેખર સતામણીની શક્યતા ધરાવે છે:

- જાતિ
- ધર્મ
- રાષ્ટ્રીતા
- ચોક્કસ સામાજિક જૂથની સભ્યતા
- રાજકીય મંતવ્ય.

પ્રોટેક્શન વિઝા માટે અરજી કરવા, તમે ઓસ્ટ્રેલિયામાં માન્ય વિઝા પર હોવા જોઇએ અને આગમન પછી ઇમિગ્રેશન પૂર્ણ કર્યું હોવું જોઇએ.

તમે વેતનવાળો રોજગાર મેળવવી શકો તે માટે ઓસ્ટ્રેલિયામાં તમારું રોકણ લંબાવવાના સાધન તરીકે પ્રોટેક્શન વિઝા માટે અરજી ન કરશો.

પ્રોટેક્શન વિઝા આપવામાં આવ્યા કરતાં તે નકારી કાઢવામાં આવ્યા હોય તેવી અરજીઓ નોંધપાત્ર રીતે વધુ છે. ૮૫ ટકાથી વધુ અરજીઓને નકારી કાઢવામાં આવે છે, કેમ કે તે વિઝા માટેની લાયકાતો પૂર્ણ કરતી હોતી નથી. કેટલીક રાષ્ટ્રીયતાવાળી અરજીઓ માટે ઇનકાર દર ૧૦૦ ટકાની નજીક છે.

જો તમારી પ્રોટેક્શન વિઝા અરજીને નકારી કાઢવામાં આવશે અને તમારી પાસે માન્ય વિઝા ન હોય, તો તમારે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે. જો તમારી પાસે યોગ્ય વિઝા ન હોય તો, તમારી અટકાયત થઇ શકે છે અને તમને ઓસ્ટ્રેલિયામાંથી કાઢી મુકવામાં આવી શકે છે.

ઇનકાર કરવામાં આવેલ પ્રોટેક્શન વિઝાની અરજીની નોંધ તમારી ઇમિગ્રેશન રેકોર્ડમાં આજીવન રહેશે. તે તમારા અને તમારા પરિવાર માટે ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયાની મુલાકાત લેવાનું વધુ અઘરું બનાવી શકે છે અને ભવિષ્યમાં તમે કયા વિઝા માટે અરજી કરો છો તેના આધારે અન્ય દેશોની વિઝા અરજીને પણ અસર કરી શકે છે.

જ્યારે તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરો છો ત્યારે તમે તમારા દેશ સામે ઓસ્ટ્રેલિયામાં રક્ષણ માંગી રહ્યા છો.

જો તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરો છો તો, તમે જાહેર કરો છો કે નીચેનામાંથી એક અથવા બંને સાચા છે:

- તમે નોંધપાત્ર નુકસાન અથવા સતામણીના વાસ્તવિક જોખમનો સામનો કર્યા વગર ઘરે જઇ શકો તેમ નથી;
- તમે એવા વ્યક્તિના પરિવારના સભ્ય છો જેણે આવા દાવા કર્યા છે.

જો તમે કાનૂની રીતે અન્ય કોઇ દેશમાં (તમારા પોતાના દેશ સિવાય) દાખલ થઇ શકો અને ત્યાં રહી શકો તેમ હોવ તો, તમને પ્રોટેક્શન વિઝા મળશે નહિં.

તમારે પ્રોટેક્શન વિઝા માટે અરજી તો જ કરવી જોઇએ જો તમારે ઓસ્ટ્રેલિયામાં **આશ્રયની જરૂર હોય**.

ઓસ્ટ્રેલિયાની રક્ષણ આપવાની ફરજો વિશે વધુ વાંચો.

# નિઃશુલ્ક કાનૂની મદદ

જો તમે પ્રોટેક્શન વિઝા (પેટાવર્ગ ૮૬૬)ની અરજી કરવાનું વિચારી રહ્યા હોવ તો  તમે અરજી કરો તે પહેલાં, તમારા રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત રેફ્યુજી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતાની **નિઃશુલ્ક કાનૂની મદદ** મેળવવા માટે  અમે, તમને ભારપૂર્વક પ્રોત્સાહિત કરીએ છીએ.

તમારા રાજ્ય અથવા પ્રદેશમાં કાનૂની પ્રદાતાઓની સૂચિ

| રાજ્ય અથવા પ્રદેશ | નામ | વેબસાઇટ |
|---|---|---|
| Australian Capital Territory | Legal Aid ACT | www.legalaidact.org.au |
| New South Wales | Refugee Advice and Casework Service | www.racs.org.au |
| Northern Territory | Refugee Legal | www.refugeelegal.org.au |
| Queensland | Refugee and Immigration Legal Service | www.rails.org.au |
| South Australia | Legal Services Commission of SA | www.lsc.sa.gov.au |
| Tasmania | Tasmanian Refugee Legal Service | www.trls.org.au |
| Victoria | Refugee Legal | www.refugeelegal.org.au |
| Western Australia | Circle Green Community Legal | www.circlegreen.org.au |

આ પ્રદાતાઓ તમને મદદ કરી શકે છે:

- તમે પ્રોટેક્શન વિઝા માટે અથવા અન્ય વધુ યોગ્ય વિઝા માટે પાત્ર છો કે કેમ તે જાણો
- અરજી પ્રક્રિયાને સમજો
- પ્રોટેક્શન વિઝા ઇનકારની અસરોને સમજો
- જો જરૂર હોય તો, પ્રોટેક્શન વિઝાની અરજી ભરો અને દાખલ કરો.

તમે લીગલ એઇડ પાસેથી અથવા તમારા રાજ્ય કે પ્રદેશનાં કોમ્યુનિટી લીગલ સેન્ટરમાંથી નિઃશુલ્ક કાનૂની  મદદ પણ મેળવી શકો છો.

# તમારી ફરજો

જ્યારે પ્રોટેક્શન વિઝા અરજી કરો ત્યારે, અન્ય વ્યક્તિ તમારા વતી તે ભરીને સબમિટ કરતાં હોય તો પણ તમે આપેલી બધી જ માહિતી સાચી અને સચોટ છે તે સુનિશ્ચિત કરવું એ તમારી ફરજ છે.

તમે શેના માટે અરજી કરી રહ્યા છો અને અરજીમાં કઇ માહિતી આપવામાં આવી રહી છે તે સમજ્યા વગર તમારે અન્ય કોઇને પણ તમારા વતી પ્રોટેક્શન વિઝાની અરજી કરવા દેવી જોઇએ નહીં.

ઓસ્ટ્રેલિયામાં રહેતાં સમુદાયોએ જે લોકો પ્રોટેક્શન વિઝાની અરજી કરવાનું વિચારી રહ્યા છે તેમના સુધી ખોટી માહિતીનો ફેલાવો થતો અટકાવવામાં મહત્વનો ભાગ ભજવવાનો છે. તેમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી આપવામાં અને રજીસ્ટર થયેલાં ન હોય તેવા સ્થળાંતર સલાહકારને રોકવામાં રહેલ જોખમ વિશે જાગરૂક્તા ફેલાવવાનો પણ સમાવેશ થાય છે.

પ્રોટેક્શન વિઝા અરજીમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી આપવા કે ખોટાં દસ્તાવેજો સામેલ કરવાથી મોટા દંડો, ૧૦ વર્ષ સુધીની જેલની સજા અથવા બંને, જેવા ગંભીર પરિણામો આવી શકે છે. તેને લીધે તમારા કે તમારા પરિવાર માટે ક્યારેય પણ ઓસ્ટ્રેલિયા પાછા આવવું વધુ મુશ્કેલ થઇ શકે છે, વિઝિટર, સ્ટુડન્ટ કે ટેમ્પરરી વર્ક વિઝા જેવા કે પીએએલએમ પર પણ.

જો પ્રોટેક્શન વિઝાની અરજી કરી રહેલ કોઇ તમને તેમને ટેકો આપતો કાગળ લખી આપવાનું કહે તો, તમારે આવું તો જ કરવું જોઇએ જો તમે માનતાં હોવ કે જો તેઓ ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુકસાન ભોગવવાનું અથવા સતામણી થવાનું જોખમ ધરાવે છે. તેમના રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતા પાસેથી મફત કાનૂની મદદ મેળવવા માટે તેમને પ્રોત્સાહિત કરો.

# મુસાફરી પર નિયંત્રણો

જ્યારે તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરી હોય ત્યારે જો તમે જે દેશ સામે ઓસ્ટ્રેલિયામાં રક્ષણ માંગ્યું હોય ત્યાં જશો, તેમાં તમારો પરિવાર રહેતો હોવા છતાં પણ, તો તમારી અરજી નકારવામાં આવી શકે છે.

જો તમારા પ્રોટેક્શન વિઝા મંજૂર કરવામાં આવે તો, તમે જે દેશ સામે રક્ષણ માંગ્યું છે, ત્યાં તમારો પરિવાર રહેતો હોવા છતાં પણ તમે ઓસ્ટ્રેલિયાની સરકારની પરવાનગી વગર જઇ શકશો નહીં.

# સાચી સલાહ મેળવો

પ્રોટેક્શન વિઝા માટે અરજી કરવા બાબતની સલાહ ફક્ત રજીસ્ટર થયેલા માઇગ્રેશન એજન્ટ અને ઓસ્ટ્રેલિયાના કાનૂની વ્યવસાયીઓ પાસેથી જ મેળવવી જોઇએ. મુક્તિ આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિ પાસેથી પણ તમે સામાન્ય ઇમિગ્રેશન મદદ મેળવી શકો.

મુક્તિ આપવામાં આવેલ વ્યક્તિ રજીસ્ટર્ડ માઇગ્રેશન એજન્ટ કે કાનૂની વ્યવસાયી નથી, તથા તે:

- તમારું નામ સૂચવનાર અથવા તમારા પ્રાયોજક
- તમારા નજીકના પરિવારનાં સભ્ય
- સાંસદ
- રાજદ્વારી મિશનનાં સભ્ય
- પરદેશમાં એલચી કચેરીનાં સભ્ય
- આંતરરાષ્ટ્રીય સંસ્થાના સભ્ય છે.

રજીસ્ટર્ડ માઇગ્રેશન એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના કાનૂની વ્યવસાયી ન હોય તેવા વ્યક્તિએ તેમની મદદ માટે **તમારી પાસેથી ફી લેવી જોઇએ નહીં**. મુક્તિ આપેલ વ્યક્તિ તમારી પાસે ફી લે તે ગેરકાનૂની છે.

કોઇ વ્યક્તિ રજીસ્ટર્ડ માઇગ્રેશન એજન્ટ છે કે નહિ તે તમે ઓફિસ ઓફ માઇગ્રેશન એજન્ટ્સ રજીસ્ટ્રેશન ઓથોરિટી (ઓમારા) વેબસાઇટ પર ઓનલાઇન રજીસ્ટરમાં શોધીને તપાસી શકો છો અથવા ઓસ્ટ્રેલિયાનાં કાનૂની વ્યાવસાયિક પાસેથી મદદ મેળવવા વિશે વધુ જાણો.

ઓસ્ટ્રેલિયામાં તમારી વિઝા અરજીમાં તમને કોણ મદદ કરી શકે તે વિશે વધુ વાંચો.

રજીસ્ટર્ડ માઇગ્રેશન એજન્ટ પસંદ કરવાનાં પગલાં જાણો.

તમે શેના માટે અરજી કરી રહ્યા છો અને અરજીમાં કઇ માહિતી આપવામાં આવી રહી છે તે સમજ્યા વગર તમારે અન્ય કોઇને પણ તમારા વતી પ્રોટેક્શન વિઝાની અરજી કરવા દેવી જોઇએ નહીં. તમારા વતી કોઇ બીજું તે ભરે અને પહોંચતી કરે તો પણ તમારી અરજીમાં બધું જ સાચું છે તે તમારે સુનિશ્ચિત કરવું જોઇએ.

# ગેરકાનૂની ઓપરેટરોથી સાવધાન રહો

રજીસ્ટર્ડ માઇગ્રેશન એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના કાનૂની વ્યવસ્યાયિકો સિવાય કોઇ પણ વ્યક્તિ માઇગ્રેશન સલાહ આપવા માટે ફી વસૂલે તે ગેરકાનૂની છે. જો તમે કોઇ એવી વ્યક્તિનો ઉપયોગ કરો છો જે રજીસ્ટર્ડ માઇગ્રેશન એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના વકિલ નથી, તો તમને ખોટી સલાહ મળવાનું જોખમ છે, જે તમારે માટે ઓસ્ટ્રેલિયામાં રહેવાની કોઇ તક હોય તો તેને પણ જોખમમાં મૂકી શકે છે.

ગેરકાનૂની ઓપરેટરો ઘણી વખત તેમની સેવાઓની જાહેરાત સોશિયલ મીડિયા અને ઓનલાઇન ચેટગ્રુપમાં કરતાં હોય છે. તેઓ ક્યારેક અરજદારોને ખોટી કે ગેરમાર્ગે દોરનારી માહિતી આપવાનું કહે છે અથવા પ્રોટેક્શન વિઝા માટે અરજી કરતી વખતે ખોટા દસ્તાવેજો આપવાનું કહે છે, અને કેટલાક લોકો આ ખોટી સલાહ આપવાનાં ખૂબ પૈસા લે છે.

જો કોઇ તમને ગેરકાનૂની રીતે માઇગ્રેશન મદદ આપવાની કોશિષ કરી રહ્યું હોય તો, તમે અમને બોર્ડર વોચ ઓનલાઇન અહેવાલનો ઉપયોગ કરીને જાણ કરી શકો છો. તમારે તમારું નામ આપવાની જરૂર નથી.

# જો તમને પ્રોટેક્શન વિઝા આપવાની મનાઇ કરવામાં આવે

જો તમારી પ્રોટેક્શન વિઝાની અરજીને નકારી કાઢવામાં આવે તો:

- જો તમારી પાસે માન્ય વિઝા ન હોય તો તમારે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે
- તમારાં અને તમારાં પરિવાર માટે ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયાની મુલાકાત લેવાનું વધુ અઘરું બની શકે છે
- તમને કરવામાં આવેલ મનાઇ આજીવન તમારા ઇમિગ્રેશન રેકોર્ડમાં રહેશે
- તે ભવિષ્યમાં તમે કયા વિઝા માટે અરજી કરો છો તેના આધારે ઓસ્ટ્રેલિયાની બહાર અન્ય દેશો માટે કરવામાં આવતી વિઝા અરજીઓને અસર કરી શકે છે.

# જો તમે યોગ્ય વિઝા વગર ઓસ્ટ્રેલિયામાં રહેશો તો

ઓસ્ટ્રેલિયાની સરકાર નકારાયેલા પ્રોટેક્શન વિઝા અરજદારો કે જેમને હવે ઓસ્ટ્રેલિયામાં રહેવાનો અધિકાર નથી, તેમની અટકાયત કરી રહી છે અને તેમને અહીંથી બહાર કાઢી રહી છે. આ અમલીકરણ પ્રવૃત્તિઓ ઓસ્ટ્રેલિયાની ઇમિગ્રેશન વ્યવસ્થાની અખંડિતતા જાળવવામાં મદદ કરે છે.

**પ્રોટેક્શન વિઝા નામંજૂર થયા પછી જો તમને અટકાયતમાં લેવામાં આવે અને ઓસ્ટ્રેલિયાની બહાર કરવામાં આવે, તો તમારે તમને બહાર મોકલવાનો ખર્ચ પરત કરવો પડી શકે છે. તે હજારો ડૉલર હોય શકે છે.**

# અન્ય વિઝા વિકલ્પો

તમારા સંજોગોને વધુ અનુકૂળ આવતાં અન્ય વિઝા હોય શકે છે.

તમારા માટે યોગ્ય વિઝા શોધવા, તમારા વિકલ્પો જાણો.

# પૂરાં થવા આવેલ વિઝામાં મદદ

તમારા વિઝા ટૂંક સમયમાં પૂરાં થાય છે કે પતી ગયા છે તે જાણવા, વિઝા એનટાઇટલમેન્ટ વેરિફિકેશન ઓનલાઇન (વીવો) પર તમારી માહિતી ભરો.

જો તમને તમારા ઇમિગ્રેશનની બાબતો ઉકેલવા માટે મદદની જરૂર હોય તો અમારી સ્ટેટ્સ રિઝોલ્યુશન સર્વિસ (એસઆરએસ) તમને મદદ કરી શકે છે. એસઆરએસ અધિકારીઓ:

- કેસનો ઉકેલ લાવવામાં અવરોધક અડચણો અથવા અંતરાયોનું નિવારણ કરી શકે છે
- ઇમિગ્રેશનનાં માર્ગો કે પ્રસ્થાનનાં વિકલ્પો વિશે સ્પષ્ટ માહિતી આપી શકે છે
- હાલમાં ગેરકાનૂની હોય તેવા પાત્ર લોકોને બ્રિજિંગ વિઝા આપી શકે છે.

સ્ટેટ્સ રિઝોલ્યુશન સર્વિસ પર વધુ જાણો.

# તમારી વિઝા અરજીમાં મદદ

તમને ભારપૂર્વક પ્રોત્સાહન આપવામાં આવે છે કે તમે પ્રોટેક્શન વિઝા માટે લાયક છો કે કેમ તે જાણવા નિષ્ણાત રેફ્યુજી અને માઇગ્રેશન કાનૂની પ્રદાતાઓ પાસેથી નિઃશુલ્ક કાનૂની  મદદ  મેળવો.